રીશ્તે

અમેરિકા, દુબાઈ, યુરોપિયન કન્ટ્રીઝ, રશિયા વિ. દેશોમાં જઈને કરિયર બનાવવાની અને ત્યાં જ સેટલ થવાની ઘણાં સુરતી યંગસ્ટર્સની મહત્ત્વકાંક્ષા હોય છે. આપણા દેશ કરતાં ત્યાં સારી એવી કમાણી હોય છે, ત્યાંના સ્વચ્છ ચોખ્ખા ચણાક રસ્તા, ત્યાનું ડેવલ્પ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ત્યાં સેટલ થવા માટે સુરતીઓમાં આકર્ષણ ઉભું કરે છે, પણ ત્યાં સેટલ થયા પછી થોડાં સમયમાં ક્યાંકને ક્યાંક તેઓ ઈન્ડિયાનું, ફેમિલીનું કાંઈકને કાંઈક મિસ કરતાં હોય છે. આવી સ્થિતિ આવે ત્યારે વિદેશની ચમકીલી દુનિયા પણ ફિકી લાગે, ત્યાં રહેવાનો ચાર્મ ઘટી જાય અને ત્યાનું બધું જ છોડીને ઈન્ડિયા પરત ફરવાનું મન થઈ જાય છે. આપણે આ આર્ટિકલના માધ્યમથી એવા સુરતીઓને મળીએ જેઓ વિદેશ તો ગયા હતા, ત્યાં સારુ એટમોસ્ફિયર પણ તેમને મળ્યું છતાં તેઓ સુરત રિટર્ન થયા અને હવે કાયમ સુરતમાં જ રહેવા માંગે છે. ઈન્ડિયાથી ફોરેન જવાનું ડીસીઝન પણ તેમનું હતું અને ત્યાંથી પાછા ફરવાનું ડીસીઝન પણ તેમનું હતું. ક્યાં રહેવું તે ફ્રીડમ ઑફ ચોઈસ તેમની હતી. ચાલો જાણીએ, આ ઉડીને પરદેશ ગયેલા પંખીઓને એવું શું પોતાના વતન ખેંચી લાવ્યું...



# જહાં ચેન વહીં બસેરા: વિદેશ ઉડી ગયેલા પંખીઓ પાછા ફર્યા સુરત



## ઘરની યાદ આવતી, મમ્મી પપ્પા માટે સુરત પાછો ફર્યા

પરેશભાઈ ખત્રી સુરતમાં સોફ્ટવેરના બિઝનેસ સાથે સંકળાયેલા છે. તેમને કરિયરમાં સેટ થવા માટે સારી ઓપોર્ચ્યુનિટી મળતા 2012માં રશિયા 5 વર્ષના કોન્ટ્રાકટ પર ગયાં હતાં, પણ 10 મહિનામાં જ તેઓ સુરત રિટર્ન થયાં. હતાં તે પાછળ શું કારણ રહ્યું તેના વિશે તેમણે જણાવ્યું કે, રશિયાના સેન્ટ પીટર્સ સિટીમાં મારી જોબ એક ફર્મમાં IT કન્સલ્ટન્ટ તરીકે હતી. જોકે, 3 મહિનામાં જ મને એવું થવા લાગ્યું કે મારે સુરત મારા મમ્મી પપ્પા માટે પાછા ફરવું જોઈએ. પેરેન્ટ્સનું ધ્યાન રાખવું જરૂરી હતું એટલે મેં કમ્પનીમાં કહ્યું હું સુરત રહીને તમારા માટે કામ કરીશ, પછી સુરત આવી ગયો. એક તો ત્યાં ખૂબ જ ઠંડી અને ત્યાનું ફૂડ પણ ડિફરન્ટ. આપણે બીમાર થયા તો ત્યાં આપણી પાસે કોણ? ઈન્ડિયામાં મેડિકલ સસ્તું છે. રશિયામાં રહેવાના પ્લસ પોઈન્ટ એટલે ત્યાં રુલ્સ સારી રીતે ફોલો થાય છે, ત્યાંનું વાતાવરણ સ્વચ્છ છે. પણ ત્યાં ભવિષ્ય કેટલું ? કમ્પની કાઢી મૂકે તો? સુરતમાં રહીને હું મારા બાળકોને મોટા થતાં જોઈ શક્યો, ફેમિલીનું હું અહીં ધ્યાન રાખી શકું છું અને ફેમિલી મારૂ.



## પેરેન્ટ્સની ઉંમર વધી રહી હતી તેમની જવાબદારી લેવી જરૂરી હતી



સ્ટોક માર્કેટ સાથે જોડાયેલા સુમિત પાંડે USમાં તેમનું ઈવેસ્ટમેન્ટ બેન્કિંગ ક્ષેત્રનું ઝળહળતું કરિયર છોડીને 2015માં ફકત ને ફકત પોતાના મમ્મી-પપ્પા, પોતાના દાદા-દાદી માટે સુરત પાછા ફર્યા હતાં. તેમણે જણાવ્યું કે, હું 2001માં M.B.A.ની સ્ટડી માટે USમાં સાઉથ કેરોલીના ગયો હતો. સ્ટડી કમ્પ્લીટ થયા બાદ માર્ચ-2015માં સુરત પાછો ફર્યો હતો. તે વચ્ચેના સમયગાળામાં હું ન્યુયોર્ક, કનેકિટકટ સહિત ત્રણ સ્ટેટમાં ઊચ્ચ હોદ્દા પર કાર્યરત રહ્યો. 2011માં મેરેજ કરીને વાઈફને અમેરિકા લઈ ગયો. 2012માં દીકરાનો જન્મ થયો. ફેમિલી સાથે સુરત પાછો ફર્યો મારા પેરેન્ટ્સ, મારા દાદા-દાદી માટે. પેરેન્ટ્સની ઉમર વધતી હતી તેમનો એક માત્ર હું જ દીકરો એટલે તેમની જવાબદારી લેવા હું પાછો ફર્યો. એક ઈચ્છા એ હતી કે મારા પેરેન્ટ્સ એમના પૌત્ર એટલે કે મારા દીકરા સાથે રમે. અમેરિકામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર બહુ સારું છે. અહીં ફેમિલી છે જે ત્યાં નથી. ત્યાં ઓપર્ચ્યુનિટી ઘણી મળે છે. અહીં પણ સારા પૈસા મળે છે પણ ખાસ્સી મહેનત કરવી પડે. હું હવે કયાં સુરતમાં જ રહેવાનો.



## નાના પણ અમેરિકાથી રિટર્ન થયા હતા, ફાધર અને હિમાંશુભાઈ પોતે પણ પાછા આવી ગયા







હિમાંશુ પટેલના નાના મકનજીભાઈ કલ્યાણજીભાઈ પટેલ 1921માં અમેરિકા પ્લાન્ટ પેથોલોજીમાં PHD કરવા ગયા હતાં. તેમણે ત્યાં ખાસ્સું સ્ટ્રગલ કરીને P.H.D. કમ્પ્લીટ કર્યું હતું. ઈન્ડિયા પાછા ફર્યા બાદ પુણે એગ્રીકલચર યુનિવર્સીટીમાં પ્રોફેસર તરીકે જોડાયા હતાં ત્યારબાદ નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સીટીમાં જોડાયા. હિમાંશુભાઈ પટેલના ફાધર ડાહ્યાભાઈ પટેલ 1948માં અમેરિકા ગયા હતા ત્યાં તેમણે કેમિકલ એન્જીનીયરીંગમાં માસ્ટર કર્યું હતું. 1954માં તેઓ સુરત પાછા રિટર્ન થયાં. અહીં તેમણે કેમિકલ એન્ડ ફર્ટિલાઈઝરનું કારખાનું શરૂ કર્યું. હિમાંશુભાઈ પટેલ પોતે પણ 1985માં અમેરિકા MBA કરવા ગયા હતાં અને 1989માં સુરત પાછા ફર્યા. અહીં સર્જીકલ ગલ્ઝ બનાવવાના ફેમિલી બિઝનેસમાં જોડાયા. તેમણે જણાવ્યું કે અમારી ફેમિલીમાં પહેલાથી જ એવું છે કે ઈન્ડિયા પાછા ફરવાનું એટલે હું પણ સુરત પાછો રિટર્ન થયો. મને ત્યાં ભણવાની, ત્યાં આમતેમ ફરવાની, કામ કરવાની બહુ મજા આવતી પણ હું ત્યાં કાંઈક મિસ કરતો હતો.



## સુરતમાં જલસાનું વાતાવરણ છે, તહેવારોનો રંગ વધારે છે

પલક કડકિયા મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ છે. તેઓ 2006માં મેનેજમેન્ટ કન્સલ્ટન્સીની જોબ માટે US ગયા હતાં. 6 વર્ષ કેલિફોર્નિયામાં રહ્યાં બાદ 2012માં સુરત પાછા રિટર્ન થયા. તેમણે જણાવ્યું કે, હું USમાં હતો ત્યારે એવું ફીલ થતું હતું કે, ફેમિલીથી થોડાં ઈમોશનલી દૂર થઈ રહ્યાં છીએ. બાળકો પણ ફેમિલીથી કનેક્ટ નથી થઈ શકતા એવું લાગતું હતું એટલે સુરત શિફ્ટ થઈ ગયા. અહીં મમ્મી પપ્પા છે, બેન બનેવી અને ભાણિયાઓ છે. ત્યાં હતો ત્યારે એક વિચાર એવો આવ્યો હતો કે પેરેન્ટ્સની ઉમર વધતી જશે આપણી ઉમર વધતી જશે એવામાં એકબીજાની જરૂર વધારે પડશે. સુરતમાં જલસાનું વાતાવરણ છે, તહેવારોનો રંગ અહીં વધારે છે, ત્યાં નવરાત્રી, દિવાળી વીક એન્ડ ટૂ વીક એન્ડ હોય. ત્યાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારે સારું છે, વધારે ડિસિપ્લિન છે. જ્યારે અહીં ફેમિલી સાથે વધારે કનેક્ટ થવાય છે. અહીં બધા સાથે હોય એટલે સુખ દુ:ખમાં મદદરૂપ થવાય. મને ત્યાં બીજી ઘણી ઓપર્ચ્યુનિટી મળી રહી છે પણ હું હવે સુરતમાં જ કાયમ રહીશ.

---

મેરી સુરત દેખો આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**

## ભલે હોઈએ તબીબ પણ છીએ અમે માણસ પણ, જરા રાખો માયા-દયા, બોલો સારા શબ્દો પણ...





અધરી છે ઘણી જિંદગી અને અઘરું છે કંઈક બનવું, તબીબ તો બની ગયા પણ છે ધ્યેય, વધુ કૌશલ્યને નિખારવું... હશે અમારી કોઈ ભૂલ અને નહીં થયું હોય કોઈ કામ, પણ સમજો કે અમે પણ છીએ માનવ એકસમાન... એટલા ના પ્રતાડો કે છોડી દઈએ જીવ, અમે પણ છીએ બાળકો અમારાં માતા-પિતાના સજીવ... જો ના આવડે કશું તો સમજાવો અમને અમારાં કામમાં, પણ અપમાનિત કરી, હેરાન કરી, દબાણ કરી, ના કરો એવું કે જીવ લેવો પડે અમારો અમારે જ સ્હેજમાં...

---

**સુરતના ઈતિહાસ અને વૈભવમાં પારસી સમુદાયનો ફાળો અત્યંત મહત્વપૂર્ણ અને અવિસ્મરણીય રહ્યો છે. સંજાણ બંદરે આવ્યા બાદ ગુજરાતની ધરતી પર સ્થાયી થયેલા પારસીઓએ સુરતને પોતાનું વ્યાપારી અને સાંસ્કૃતિક કેન્દ્ર બનાવ્યું હતું. આધુનિક શિક્ષણનો પાયો પણ સુરતમાં પારસીઓ દ્વારા જ નાંખવામાં આવ્યો હતો. સુરતમાં જાહેર આરોગ્ય સેવાઓ સુધારવા માટે પારસી દાનવીરોએ હોસ્પિટલો, અનાથાશ્રમો માટે મસમોટા દાન આપ્યા હતા. હવે જ્યારે પારસીઓનું નવું વર્ષ પતેતી નજીક આવી રહ્યું છે ત્યારે સુરતમાં આવેલા પારસીઓના ધાર્મિક સ્થળ મોદી આતશબેહેરામની રસપ્રદ વિગતો જાણીએ..**

# સૂરતના શેઠ દાદાભાઈ નસરવાનજી મોદી આતશબેહેરામ સાહેબનો ઉદ્ભવ





પારસી સમુદાયના ધાર્મિક અને આધ્યાત્મિક ઈતિહાસમાં આતશબેહેરામનું ખૂબ જ વિશેષ એવું પવિત્ર સ્થાન છે. ભારતમાં આવેલા કુલ નવ આતશબેહેરામમાંથી બે આતશબેહેરામ સુરતમાં આવેલા છે, જે બંને શાહપોરમાં આવેલા છે. એક છે, મોદી આતશબેહેરામ અને બીજું છે કદમી આતશબેહેરામ. તેમાં પણ મોદી આતશબેહેરામ એ સુરતનું સૌથી જૂનું આતશબેહેરામ માનવામાં આવે છે.

પારસી ધર્મમાં અગિયારીઓ કરતા આતશબેહેરામનો દરજ્જો સૌથી ઉચ્ચ ગુણવત્તાવાળો અને પવિત્ર ગણાય છે. આતશબેહેરામની સ્થાપના કરવા માટે ૧૬ જુદા જુદા સ્ત્રોતોમાંથી આતશો એટલે કે અગ્નિ મેળવવામાં આવે છે જેમ કે, લુહાર, સોની, અગ્નિદાહ દેવાયેલ મૃતદેહ ભેગો એક આકાશી આતશ હોવો પણ અત્યંત આવશ્યક છે. આ અગ્નિને ભેગા કરી જટિલ ધાર્મિક ક્રિયાઓ દ્વારા તેને પવિત્ર કરવામાં આવે છે. જોકે બધા આતશોમાં આકાશી અગ્નિ મેળવવો એ જ સૌથી અઘરું કામ હોય છે. સુરતમાં આવેલા શેઠ ડી. એન. મોદી આતશબેહેરામ સાહેબની સ્થાપના અને ત્યારે આકાશી આતશ કેવી રીતે મેળવાયો એ ઘટના ખૂબ રસપ્રદ અને સ્મરણીય છે.

શેઠ દાદાભાઈના પિતા શેઠ નસરવાનજી મોદી સુરતમાં વેપાર કરતા હતા. વેપાર અંગેની તેમની નીતિ, શુદ્ધ આચરણ અને આદર્શોને લઈને તેઓ સુરત શહેરની પ્રજામાં લોકપ્રિય હતા. શેઠ દાદાભાઈ તેમના પિતાની પેઢીમાં સહાય કરતા. ધંધાના વિકાસાર્થે તેઓ મુંબઈ જઈ વસ્યા અને પિતાનાં મૃત્યુ બાદ બધો કારભાર તેમણે સંભાળ્યો. તેમને બાળપણથી કોઈ ધર્મસ્થાનની સ્થાપના કરવાનું મન હતું એટલે તેમણે તેમની ઈચ્છા તેમના કુટુંબીજનોને જણાવી અને સુરત શહેરમાં આવું આતશબેહેરામ બનાવવું એવો નિર્ણય થયો. પણ તેમના કમનસીબે પ્રાથમિક કામગીરી શરૂ થયા બાદ પોતાના વિચારને મૂર્તિમંત થતો જોવાઈ એ પહેલા તેઓએ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો. તેમની ઈચ્છા પૂરી કરવાની જવાબદારી તેમના માતા બાઈજી નવાજબાઈએ ઉપાડી લીધી પણ તેમના નસીબમાં પણ આ સપનું સાકાર થતું જોવાનું લખાયેલું ન હતું.

એ દરમિયાન આતશબેહેરામ સાહેબની સ્થાપના માટે જરૂરી આતશ મેળવવાનું અને તેને પવિત્ર કરવાનું કામ શરુ થઈ ચૂક્યું હતું. ધર્મફરમાન અને પતિ પ્રત્યેની લાગણીથી પ્રેરાયને દાદાભાઈના પત્ની બાઈજી જાઈજીએ આ કામ ઉપાડી લીધું અને તેમના ભાઈ શેઠ હોરમસજી બમનજી વાડિયાને આ કામગીરી સોંપી.

હવે આતશબેહેરામની સ્થાપના માટે સૌથી કપરો આતશ મેળવવાની કવાયત શરુ થઈ.




આકાશી આતશ એટલે ગરજતા વાદળો સાથે ઉત્પન્ન થતી વીજળીથી પ્રજ્વલિત થતો અગ્નિ... વીજળી પડતાં જ્વાળા પેદા થાય અને તે આતશ મેળવવા માટે સમયસર તેની જાણ થાય એવું ભાગ્યે જ બને. સુરતમાં આ શહેનશાહી આતશબેહેરામની સ્થાપના માટે પંદર આતશો મેળવાઈ ચૂક્યા હતા પણ વીજળીનો આતશ ક્યાંકથી મળતો ન હતો. શેઠ હોરમસજીએ જ્યાં જ્યાં તેમના સંબંધ હતા હિન્દુસ્તાનભરમાં વીજળીનો આતશ મેળવી આપવાને અરજ ગુજારતા વિનંતીપત્રો લખ્યા.

જેઓ ખુદાને માટે કાર્ય કરે છે તેમના માટે ખુદા પણ સહાય કરવા તત્પર બેઠા હોય છે. દાદાર અહુરા યઝદની કૃપાથી શેઠ હોરમસજીના આડતિયા શેઠ બનાજી અને તેમના મિત્ર શેઠ ઉમરીગર તેમના કલકત્તાના ફાર્મહાઉસ પર વરસાદનો આનંદ માણી રહ્યા હતા ત્યારે તેમના રખેવાળે આવી સૂચના આપી કે વીજળી પડવાને કારણે કેટલાંક કેળના ઝાડ સળગી ઉઠ્યા છે. તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને કાળજી રાખી વીજળીનાં આતાશને પ્રાપ્ત કર્યા અને આ આતશ વહાણમાર્ગે સુરત તરફ રવાના કરવામાં આવ્યા.

**સુરતનું જનસામાન્ય આ ઉત્સવનો ભાગ બની શકે એ માટે નગરનાં કારખાના, ઔદ્યોગિક એકમો, સરકારી કચેરીઓ તેમજ શહેરનાં બજાર બંધ રાખવામાં આવ્યા હતા અને બેન્ડબાજા સાથે આતશબેહેરામ સાહેબની સ્થાપના કરવામાં આવી હતી**

આખરે, ૧૯મી નવેમ્બર ૧૮૨૩ના મુબારક દિવસે શેઠ ડી. એન. મોદી આતશ બહેરામની સુરતમાં સ્થાપના થઈ ત્યારે તે માત્ર પારસી સમાજ માટે જ નહિ પણ સમગ્ર સુરતવાસીઓ માટે ઉત્સવનો અવસર બની ગયું. આતશ બાદશાહની આમદને વધાવવા ભારતભરમાંથી ત્યારે આશરે વીસ હજાર જેટલા પારસીઓ સુરત પધાર્યા હતા. એટલું જ નહિ સુરતનું જનસામાન્ય આ ઉત્સવનો ભાગ બની શકે એ માટે નગરનાં કારખાના, ઔદ્યોગિક એકમો, સરકારી કચેરીઓ તેમજ શહેરનાં બજાર બંધ રાખવામાં આવ્યા હતા અને બેન્ડબાજા સાથે આતશબેહેરામ સાહેબની સ્થાપના કરવામાં આવી હતી.

ઈરાની શૈલીની જે ભવ્ય ઈમારત આજે આપણે જોઈ રહ્યા છીએ તેનું આયોજન ઈ.સ.૧૯૩૧માં મરહૂમ દાવર તહેમુરસ કાવસજી મોદીની નિગેહબાની હેઠળ કરવામાં આવ્યું હતું. નવીનીકરણ પામેલી આ ભવ્ય ઈમારતમાં પર્શિયન શૈલીની બારીકાઈ જોઈ શકાય છે, જે આપણને પર્સિપોલીસનાં ખંડિયેરોનો સ્પષ્ટ આભાસ આપે છે. આજે આપણે સૌ સુરતીઓ આ આતશબેહેરામને સુરતના ગૌરવ તરીકે જોઈએ છીએ.

વારસાની વરિયાળી

**૧૦ સપ્ટેમ્બર, ૧૯૩૧ના રોજ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની પૂર્તિમાં આ ઈમારતને ઈજનેરીનાં ઉચ્ચતમ નમૂનારૂપ ગણાવાયું છે. આ ઈમારત મુંબઈના આર્કિટેક્ટસ મેસર્સ મિસ્ત્રી અને ભેડવારની દેખરેખ હેઠળ હાથ ધરાય હતી.**